અશ્વિનભાઈ પટેલ કૉમર્સ કૉલેજ દ્વારા બેન્કિંગ ક્ષેત્રમાં કેરિયર વિશે સેમિનાર

સેમેસ્ટર-૩ અને પના ૪૦૦ જેટલા વિદ્યાર્થીઓએ લાભ લીધો

ગાંધીનગર, તા. ૩૧

અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજ દ્વારા 'બેંકિંગ ક્ષેત્રમાં જુદા જુદા કેરિયર ઓપ્શન અને તેની તૈયારી' વિષયે સેમિનારનું આયોજન બ્રહ્માણી કૃપા હોલ ખાતે કરવામાં આવ્યું હતું.

એસબીઆઈમાં સિનિયર ક્લાર્ક તરીકે ફરજરત હર્ષલ માંકડ દ્વારા વિદ્યાર્થીઓને બેન્કિંગ ઉદ્યોગની વ્યાવસાયિક કામગીરી, તેમાં કેરિયર ઓપ્શન, તેમની યોજનાઓ, નીતિઓ, ઓનલાઈન બેન્કિંગ અને ઈલેક્ટ્રોનિક ચૂકવણી પદ્ધતિની જાણકારી આપવામાં આવી હતી. ઓનલાઈન બેન્કિંગ પદ્ધતિઓ સાથે જોડાયેલ ગુપ્તતા, ગોપનીયતા અને ઈન્ટરનેટ બેન્કિંગ વ્યવહારોની સુરક્ષા તથા અંગત જાણકારી બેન્કિંગ ઉદ્યોગ અને ઈન્ટરનેટ બેન્કિંગ માટે કઈ તકેદારી રાખવી તે વિષય પર ઊંડાણપૂર્વક માહિતી આપીને તેમણે પોતાના અનુભવો વિદ્યાર્થીઓ સાથે વહેંચ્યા હતા. કાર્યક્રમનું આયોજન અને સંચાલન પ્રા. જિજ્ઞેશ તોગડિયા દ્વારા કરવામાં આવ્યું હતું. સેમેસ્ટર-૩ અને પના ૪૦૦ જેટલા વિદ્યાર્થીઓએ આ ઉપયોગી ઉપક્રમનો લાભ લીધો હતો.

બીસીએ કોલેજમાં

વિદ્યાર્થીઓ માટે સામાજિક વિકાસ હેતુ કાઉન્સેલિંગ

ગાંધીનગર, તા. ૩૧

કડી સર્વ વિશ્વ વિદ્યાલયની કન્સટીટ્યુઅન્ટ કોલેજ ભોળાભાઈ પટેલ કોલેજ ઓફ કમ્પ્યુટર સ્ટડીઝના વુમન ડેવલોપમેન્ટ સેલ અંતર્ગત આ સેલના કો-ઓર્ડિનેટર્સ પ્રાધ્યાપક પ્રો.જૈમિની કુલકર્ણી અને પ્રો.મોનિકા પટેલે વિદ્યાર્થિનીઓને પોતાના હક્કો વિષે, સરકારશ્રીની સ્ત્રીઓ માટેની વિવિધ યોજનાઓ વિષે અને પોતાના જીવનના ધ્યેય અને એ ધ્યેય કેવી રીતે હાંસલ કરી શકાય? તે વિષે અત્યંત ઊંડાણ પૂર્વક માહિતી આપી હતી. સાથે સાથે સંસ્કાર અને ચરિત્ર વિષે વિશેષ છણાવટ કરી સમજણ સાથે કોઈ નાની સરખી ભૂલ પણ ઘણીવાર જીવનમાં મોટી આફત સર્જી શકે છે તેથી આવી કોઈપણ ભૂલ ન થાય તે બાબતે ચેતવણી આપી હતી. વધુમાં યુનિવર્સીટી લેવલે આખા શૈક્ષણિક વર્ષ દરમ્યાન ઉઢઝ દ્વારા યોજાનાર કાર્યક્રમ અંગે પણ માહિતી આપવામાં આવી હતી. નોલેજ એન્ડ કરિયર ડેવેલોપમેંટ સેલ અંતર્ગત ડો.અભિજીતસિંહ જાડેજા, પ્રો. જિગ્નેશ પટેલ અને પ્રો.કેતન સાળુંકેએ આઈ.ટી. ક્ષેત્રે ઉપયોગી પ્રોફેસનલ માહિતી આપી હતી જેમાં કમ્યુનિકેશન, પ્રોફેશનલ કલ્ચર, ડ્રેસિંગ સેન્સ(પ્રોફેશનલ ડ્રેસ કોડ) અને ભવિષ્યમાં આઈ.ટી. ક્ષેત્રે આવનારી તકોનો સમાવેશ કર્યો હતો. એક આઈ.ટી. પ્રોફેસનલનું વ્યક્તિત્વ કેવું હોવું જોઈએ તેની વિવિધ ઉદાહરણોથી સમજ આપી હતી. વિદ્યાર્થીઓએ કોલેજમાં સહકાર અને સહયોગ સાથે કેવી રીતે પોતાનો અભ્યાસ સફળતાપૂર્વક પુર્ણ કરવો અને એક આદર્શ વિદ્યાર્થી તરીકેની છાપ કેવીરીતે પ્રસ્થાપિત કરવી તેનું સંપૂર્ણ માર્ગદર્શન પ્રદાન કર્યું હતું. કમ્પ્યુટર પ્રોફેશનલે ઈન્ડસ્ટ્રીઝમાં હમેશા ટીમમાં કામ કરવાનું થાયછે જેથી ટીમવર્કમાં કેવીરીતે એકબીજાના પૂરક બની કામમાં ધારી સફળતા મેળવવી તે અંગે ખૂબ જ ઉપયોગી ટીપ્સ આપી હતી. કાઉન્સીલીંગ સેશન વિષે વધુ માહિતી આપતા કોલેજના ડાયરેક્ટર ડો. સંજય એમ. શાહે જણાવ્યુ હતું કે આજે વિદ્યાર્થીઓમાં શિક્ષણ, સંસ્કાર અને ચારિત્ર્યનો સુભગ સમન્વય કરાવવો એ પડકારરૂપ છે. આ સ્પર્ધાત્મક વાતાવરણમાં વિદ્યાર્થીઓ પોતાનું ભવિષ્ય ઘડી શકે અને આઈ.ટી. ક્ષેત્રે નામાંકિત કંપનીઓમાં એટીટ્યુડ, એપ્ટિટ્યૂડ અને ઓર્ગેનાઈઝેશનલ બિહેવિયર જેવી બાબતો પર પ્રભુત્વ મેળવે તે અતિ આવશ્યક છે. આવા ઘડતરથી વિદ્યાર્થીઓ પોતાનો ધંધો કરીને કે ઉચ્ચ નોકરીઓમાં જોડાઈને પોતાનું, પોતાના પરિવારનું અને સંસ્થાનું નામ રોશન કરી શકે તેવો નમ્ર પ્રયાસ સ્ટાફ મિત્રો દ્વારા કરવામાં આવી રહ્યો છે જે અભિનંદનને પાત્ર છે. આ એક દિવસીય કાઉન્સીલીંગનાં કુલ ૭ સેશનમાં કોલેજના જ સેમેસ્ટર ૧ અને પ ના ૫૬૦ વિદ્યાર્થીઓએ લાભ લીધો હતો.

જન્મદિને વધામણી

લાભશંકર સી રાવલ
ફોન : ૨૩૨ ૩૪૫૩૫

પોપટલાલ એસ પ્રજાપતિ
મો. ૯૮૨૫૪ ૫૩૪૮૫

જયેશ તન્ના
આસિ. પ્રોફેસર
બીબીએ કોલેજ, ગાંધીનગર
મો. ૯૯૨૪૧ ૧૨૨૭૦

ભાવના વ્યાસ
ભાવના એડ એજન્સી
મો. ૯૮૨૫૦ ૩૯૦૨૪

ભાનુકાન્ત પી પરમાર
પ્રમુખ, ડેમોક્રેટિક પીપલ્સ એસોસિએશન, ગાંધીનગર
ફોન : ૨૩૨૨૩૩૬૪

ભારતીબેન જોષી

સંજય પ્રજાપતિ
મો. ૯૮૨૫૭ ૮૩૩૪૫
(જન્મતારીખ : ૩૦ જુલાઈ)

વાકિદ
મોહસીનભાઈ મનસુરી

જેએમપી ગોપાલક વિદ્યા સંકુલમાં આકસ્મિક પરિસ્થિતિ માટે મોક ડ્રીલ

જેએમપી ગોપાલક વિદ્યા સંકુલમાં બુધવારે નાગિરક સંરક્ષણ કચેરી દ્વારા આકસ્મિક પરિસ્થિતિ અંગે મોક ડ્રીલનું આયોજન કરવામાં આવ્યું હતું. સંરક્ષણ કચેરીનાં અંજના નિમાવત, ઉત્કર્ષ ગુપ્તા, રાધિકા તિવારી દ્વારા બાળકોને સિવિલ ડિફેન્સ, કુદરતી આપત્તિ, આકસ્મિક પરિસ્થિતિ સમયે શું કરવું તે અંગેની માહિતી પ્રાયોગિક રીતે આપવામાં આવી હતી.

શ્રી જે એમ ચૌધરી સાર્વજનિક પ્રાથમિક વિદ્યાલય ખાતે વર્ષાગીતોનું આયોજન થયું

ગાંધીનગર, તા. ૩૧

શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત શ્રી જે એમ ચૌધરી સાર્વજનિક પ્રાથમિક વિદ્યાલય ખાતે વર્ષાગીતોનું આયોજન કરવામાં આવ્યું હતું. ધોરણ-૧થી ૮ના વિદ્યાર્થીઓએ આ સ્પર્ધામાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ વર્ષાને રીઝવવા માટે ઢૂંઢીયાબાપજી પણ બનાવ્યા હતા.

વિદ્યાર્થીઓનો સાથ આપતાં આચાર્ય મીનાબેન ચૌધરી, શિક્ષક ઈજુબેન, ક્રિષ્નાબેન અને સરલાબેને પણ વર્ષાગીતોનું ગાન કર્યું હતું. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન રીનાબેન, શીતલબેન, સોનલબેન, હાર્દિકાબેન, ઉષાબેન તથા મિત્તલબેન દ્વારા કરવામાં આવ્યું હતું.

એસ. જી. ઈંગ્લિશ મીડિયમ પ્રાયમરી શાળામાં ધોરણ-પથી ૮ના વિદ્યાર્થીઓ માટે બ્રેઈન ટ્રીઝર ક્વિઝ કોમ્પીટિશન યોજાઈ હતી. આ સ્પર્ધામાં હાઉસ પ્રમાણે વિદ્યાર્થીઓને સામાન્ય જ્ઞાનના પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓએ આ સ્પર્ધામાં ઉત્સાહથી ભાગ લીધો હતો.

નિસર્ગ કમ્યુ. સાયન્સ સેન્ટર દ્વારા નેશનલ ચિલ્ડ્રન કોંગ્રેસ યોજાશે

મુખ્ય વિષય 'સ્વચ્છ, હરિયાળા અને સ્વસ્થ રાષ્ટ્ર માટે વિજ્ઞાન, ટેકનોલોજી અને નવિનીકરણ'

ગાંધીનગર, તા. ૩૧

નિસર્ગ કમ્યુનિટી સાયન્સ સેન્ટર દ્વારા પ્રતિવર્ષ યોજાતી નેશનલ ચિલ્ડ્રન સાયન્સ કોંગ્રેસ આ વર્ષે પણ યોજાઈ રહી છે.

આ વર્ષનો મુખ્ય વિષય 'સ્વચ્છ, હરિયાળા અને સ્વસ્થ રાષ્ટ્ર માટે વિજ્ઞાન, ટેકનોલોજી અને નવિનીકરણ' રાખવામાં આવ્યો છે. જેમાં પાંચ પેટા વિષયો પણ રાખવામાં આવ્યા છે :

૧. ઈકોસિસ્ટમ અને ઈકોસિસ્ટમ સેવા, ૨. આરોગ્ય, સ્વાસ્થ્ય શાસ્ત્ર અને સ્વચ્છતા, ૩. કચરામાંથી કંચન : વેસ્ટ ટુ વેલ્થ, ૪. સમાજ, સંસ્કૃતિ અને આજીવિકા, ૫. પરંપરાગત જ્ઞાન પ્રણાલી. આ પેટા વિષયોને આધીન વિદ્યાર્થીઓ પોતાના પ્રોજેક્ટ રજૂ કરશે. કેવાં પ્રેઝન્ટેશન રજૂ કરી શકાય તે માહિતીનો પ્રસાર કરવા શિક્ષક તાલીમનું પણ આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં નિસર્ગ સાયન્સ સેન્ટરના મેનેજિંગ ટ્રસ્ટી અને ગાંધીનગર જિલ્લાના ચિલ્ડ્રન સાયન્સ કોંગ્રેસના સંયોજક ડૉ. અનિલ પટેલે શિક્ષકોને વિષય પસંદગીથી માંડીને સંશોધનના હેતુઓ, કાર્યપદ્ધતિ, તારણો વગેરે વિશે ઊંડાણપૂર્વક માહિતી આપી હતી. ૮૫ જેટલા શિક્ષકોએ આ તાલીમ પ્રાપ્ત કરી હતી.

ગાંધીનગરમાં વસતા ૧૦થી ૧૭ વર્ષનાં બાળકો આ પ્રોજેક્ટમાં ભાગ લઈ શકશે અને પોતાનું સંશોધન રજૂ કરી શકશે. આ અંગેની વધુ માહિતી માટે નિસર્ગ સાયન્સ સેન્ટર (ફોન : ૨૩૨૩૫૨૧૫, મો. ૯૪૨૬૪ ૫૧૧૦૨)નો સંપર્ક કરવા આ અંગેની એક અખબાર યાદીમાં જણાવવામાં આવ્યું છે.

સામાજિક ચેતનાનું કેન્દ્રબિન્દુ : ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી

પૃથ્વી નામના ગ્રહ પરની એક અજોડ ઘટના એટલે 'ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી'ની ગાંધીનગરમાં સ્થાપના. અજોડ ઘટના એટલા માટે કે જગતની કોઈ યુનિવર્સિટી અજન્મા શિશુતી લઈ ૧૮ વર્ષ સુધીના તરુણના વિકાસનું લક્ષ્ય નથી સેવતી. ૯મી જૂન, ૨૦૦૮ના રોજ દેશના અગ્રગણ્ય શિક્ષણવિદોના એક કાર્યશિબિરમાં આ યુનિવર્સિટીના વિચારને વર્તમાન વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ સર્વપ્રથમ રજૂ કર્યો. એ કાર્યશિબિરમાં એમણે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીની આવશ્યકતા અંગે વિગતવાર સમજ આપી. કાર્યશિબિરમાં ભાગ લેનારા તમામ શિક્ષણવિદોએ આ વિચારને આવકારીને તેના સંદર્ભે ઘણાં ઉપયોગી સૂચનો કર્યાં અને ૧૨ સપ્ટેમ્બર, ૨૦૦૮ના દિવસે ઋષિતુલ્ય વ્યક્તિત્વ ધરાવતા કિરીટભાઈ જોષીના અધ્યક્ષસ્થાને ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીની સ્થાપના માટેની રૂપરેખા તથા કાર્યયોજના બનાવવા માટે ૧૬ મહાનુભાવોનો સમાવેશ કરી એક ટાસ્કફોર્સની રચના ગુજરાત સરકાર દ્વારા કરવામાં આવી.

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી માટે મુસદ્દો ઘડવા માટે ટાસ્કફોર્સના અધ્યક્ષ અને સભ્ય-સચિવની બનેલી એક ખાસ સમિતિની રચના કરવામાં આવી, જેમાં ડૉ. અભય કશ્યપ તથા પ્રો. જે એસ રાજપૂતનો સમાવેશ કરવામાં આવ્યો. કમિશનર, ઉચ્ચ શિક્ષણ અને આચાર્ય એમ આર ઉપાધ્યાયના માર્ગદર્શન હેઠળ શિક્ષણ વિભાગ દ્વારા વિધેયકના મુસદ્દાને આખરી ઓપ આપવામાં આવ્યો.

કેબિનેટની મંજૂરી બાદ તત્કાલિન શિક્ષણમંત્રી રમણલાલ વોરા દ્વારા ૨૮મી જુલાઈ, ૨૦૦૯ના રોજ વિધેયક વિધાનસભામાં રજૂ કરવામાં આવ્યું. ચર્ચાને અંતે વિધેયક પસાર પણ થઈ ગયું. રાજ્યપાલે તા. ૩૧મી જુલાઈ, ૨૦૦૯ના રોજ અનુમતિ આપ્યા બાદ આ વિધેયક ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી એક્ટ-૨૦૦૯ (બાળ વિશ્વવિદ્યાલય અધિનિયમ-૨૦૦૯) તરીકેનું સ્વરૂપ પામ્યું.

આ યુનિવર્સિટીના પ્રથમ કુલપતિ તરીકે મેં દિનાંક ૧૬મી જાન્યુઆરી, ૨૦૧૨ના દિવસે કાર્યભાર સંભાળ્યો. મનુષ્યની વાવણી કરવાનો અવસર મળ્યો હતો. એક નવા જ પ્રકારના કામનો ચીલો ચાતરવાનો હતો. મનમાંથી એક સૂત્ર અંકુરિત થયું - તેજસ્વી બાળક : તેજસ્વી ભારત... અને યુનિવર્સિટીના બંધારણ મુજબ શરૂ થયેલા એક કાર્ય - તપોવન ગર્ભસંસ્કાર કેન્દ્રને વેગવાન બનાવ્યું. ગર્ભવતી મહિલાઓને ઉત્તમ એ સંકલ્પિત સંતાનની પ્રાપ્તિ થાય તે માટે ૨૨ સ્થાનો પર આવાં માર્ગદર્શક કેન્દ્રો શરૂ થયાં, જે તપોવન સંશોધન કેન્દ્ર તરીકે ઓળખાતાં હતાં. અત્યાર સુધીમાં આ કેન્દ્રો પર ગુજરાતભરમાં ૩૧ હ જાર જેટલી ગર્ભવતી મહિલાઓએ સ્વસ્થ બાળકોને જન્મ આપ્યો છે. આ બધી માહિતીનું સંશોધનાત્મક વિશ્લેષણ પણ કરવામાં આવ્યું છે.

૨ ઑક્ટોબર, ૨૦૧૦ : ગાંધી જયંતિથી આરંભાયેલા યુનિવર્સિટીના આ મહત્ત્વપૂર્ણ પ્રકલ્પને સમાજમાં ખૂબ સારો આવકાર અને પ્રતિભાવ સાંપડ્યો છે. આ કાર્ય સીધું સમાજને સ્પર્શે છે અને હજુ આ યોજના અનેક સ્થાને કાર્યાન્વિત થશે અને સમાજના શ્રેષ્ઠીઓ એનું સુયોગ્ય વહન કરશે એવી શ્રદ્ધા છે.

આવો જ બીજો એક મહત્ત્વનો પ્રકલ્પ છે - વિદ્યાનિકેતન. શિક્ષકો સાચા અર્થમાં ગુરુત્વ પ્રાપ્ત કરે અને ઉત્તમ મનુષ્યોના નિર્માણમાં કાર્યરત બને તેવું પ્રશિક્ષણ શિક્ષકોને આપવા માટે પણ યુનિવર્સિટી પ્રયત્નશીલ છે. 'બાળકક એક સુગંધિત નાજુક કળી છે, એ ખૂલે અને ખીલે એમાં જ એના અસ્તિત્વની સુવાસ છે.' આ કથનને ચરિતાર્થ કરવું છે. આ માટે યુનિવર્સિટી વિશેષ અભ્યાસક્રમો પણ બનાવી રહી છે.

પરિવારજનોનો દિશાબોધ પણ પ્રવર્તમાન સમયનો અતિ મહત્ત્વનો મુદ્દો છે. પરિવારોના માર્ગદર્શન માટે યુનિવર્સિટીએ 'શૈશવનું સ્મિત' અને 'પરિવારની પાઠશાળા' જેવાં સુંદર પુસ્તકોનું સર્જન કર્યું છે.

નાનાં બાળકો માટે ઉખાણાં, જોડકણાં, બીળગીતો અને વાર્તાઓ વિકાસનાં મહત્ત્વનાં અંગો છે. હાલરડાં અને પ્રભાતિયાં પણ આધુનિકતાના આક્રમણે છીનવી લીધાં છે. આ બધાંને પણ જીવંત કરવાનું કામ યુનિવર્સિટી કરી રહી છે. એ માટે પુસ્તકો અને સીડી પણ તૈયાર કરવામાં આવી છે, જે પ્રાથમિક શાળાઓ માટે ખૂબ ઉપયોગી છે. આ ઉપરાંત યુનિવર્સિટી દ્વારા 'બાળવિશ્વ' નામનું માસિક મુખપત્ર પ્રકાશિત થાય છે, જેમાં બાળકો, વાલીઓ અને શિક્ષકોને ઉપયોગી એવી રસપ્રદ માહિતી અને વાર્તાઓ સમાવિષ્ટ હોય છે.

યુનિવર્સિટીની વેબસાઈટ પર દર મહિનાની ૧૨મી અને ૨૭મી તારીખે ૪-૪ વાર્તાઓ ચિત્રો સહિત મૂકવામાં આવે છે. અત્યાર સુધીમાં ૫૦૦ જેટલી વાર્તાઓનો ખજાનો એમાં ઉપલબ્ધ છે.

બાળગીતો અને બાળવાર્તાઓનું નિત નવું સર્જન થતું રહે તે માટે વખતોવખત ગુજરાતના વિખ્યાત બાળસાહિત્યકારોને યુનિવર્સિટીમાં બોલાવી ચર્ચા-વિમર્શ કરાય છે અને શિક્ષણના સાંપ્રત પ્રવાહોનું ચિંતન પણ યુનિવર્સિટીમાં થતું રહે છે.

કેટલાક ઉચ્ચ સ્તરીય અભ્યાસક્રમો પણ અત્યારે ચાલી રહ્યા છે, જેમાં મનોવિજ્ઞાન, સમાજકાર્ય, ઈંગ્લિશ, આહાર અને પોષણ જેવા વિષયોના અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમો ભણાવાય છે. શિક્ષણ અને મનોવિજ્ઞાનમાં એમફિલ અને પીએચડીનું કાર્ય પણ ચાલે છે. એ ઉપરાંત કેટલાક પાર્ટ ટાઈમ અભ્યાસક્રમો પણ શનિ-રવિવારે ચાલી રહ્યા છે. નાનાં બાળકોના કલા-વિકાસ માટે સંગીત અને ચિત્રકામના છ મહિનાના સર્ટીફિકેટ કોર્સ પણ ચાલે છે. શિશુ પરામર્શન કેન્દ્ર દ્વારા માતાઓને બાળઉછેર સંબંધી માર્ગદર્શન કરાય છે. યુનિવર્સિટી દ્વારા આબાલવૃદ્ધ માટે કડીરૂપ-સેતુરૂપ કાર્ય કરી રહી છે. ગુજરાતની સુજ્ઞ પ્રજા એની આત્મીયતા આ યુનિવર્સિટી પર વરસાવે એવી અપેક્ષા સાથે વિરમું છું.

- હર્ષદ પ્ર શાહ
કાર્યકારી કુલપતિ

ખિલાફત અને...

પંજાબની ડાયરશાહીની મહાસભા તરફથી તપાસ ચાલતી હતી, તેટલામાં મારા હાથમાં એક જાહેર આમંત્રણ આવ્યું. તેમાં મરહૂમ હકીમ સાહેબ અને ભાઈ અસરફઅલીનાં નામ હતાં. શ્રદ્ધાનંદજી હાજર રહેવાના છે એમ પણ ઉલ્લેખ હતો. મને ખ્યાલ તો એવો રહ્યો છે કે, તેઓ ઉપપ્રમુખ હતા. આ આમંત્રણ દિલ્હીમાં ખિલાફત સંબંધી ઉપસ્થિત થયેલી પરિસ્થિતિનો વિચાર કરનારી અને સુલેહની ઉજવણીમાં ભાગ લેવો કે ન લેવો તેનો નિર્ણય કરવાને હિંદુમુસલમાનની એકઠી થનારી સભામાં હાજર રહેવાનું હતું. આ સભા નવેમ્બર માસમાં હતી એવું મને સ્મરણ છે.

આ નિમંત્રણપત્રિકામાં એવો ઉલ્લેખ હતો કે, તેમાં ખિલાફતનો પ્રશ્ન ચર્ચાશે, એટલું જ નહીં પણ ગોરક્ષાનો પ્રશ્ન પણ ચર્ચાશે, ને ગોરક્ષા સાધવાનો આ સરસ અવસર છે. મને આ વાક્ય કઠ્યું. આ નિમંત્રણપત્રિકાનો ઉત્તર આપતાં મેં હાજર રહેવાનો પ્રયત્ન કરવાનું લખ્યું, ને સાથે જ લખ્યું કે, ખિલાફત અને ગોરક્ષાને સાથે ભેળવી તેને અરસપરસ અદલાબદલાનો સવાલ ન કરી મૂકતાં દરેકને તેના ગુણદોષ ઉપર તપાસવો જોઈએ.

સભામાં હું હાજર રહ્યો. સભામાં ઠીક હાજરી હતી. પાછળથી જેમ હજારો માણસો ઊભરાતાં એના જેવું દૃશ્ય આ નહોતું. આ સભામાં શ્રદ્ધાનંદજી હાજર હતા. તેમની સાથે ઉપરના વિષય ઉપર મેં વાતચીત કરી લીધી. તેમને મારી દલીલ ગમી, ને રજૂ કરવાનું તેમણે મારી ઉપર મૂક્યું. હકીમસાહેબની સાથે પણ વાત કરી લીધી હતી. મારી દલીલ એ હતી કે બંને પ્રશ્નોને પોતપોતાના ગુણદોષ ઉપર વિચારવા જોઈએ. જો ખિલાફતના પ્રશ્નમાં વજૂદ હોય, તેમાં સરકાર તરફથી ગેરઈન્સાફ થતો હોય, તો હિંદુઓએ મુસલમાનોને સાથ દેવો જોઈએ; અને એની સાથે ગોરક્ષાને જોડી દેવાય નહીં. અને જો હિંદુઓ એવી કંઈ શરત કરે તો તે ન શોભે. મુસલમાનો ખિલાફતમાં મળતી મદદને બદલે ગોવધ બંધ કરે એ તેમને ન શોભે. પડોશી અને એક જ ભૂમિના હોવાને લીધે અને હિંદુઓની લાગણીને માન આપવાને ખાતર તેઓ સ્વતંત્ર રીતે ગોવધ બંધ કરે એ તેમને શોભે, એ તેમની ફરજ છે; અને એ નોખો પ્રશ્ન છે. જો એ ફરજ હોય ને તેઓ ફરજ સમજે, તો હિંદુ ખિલાફતમાં મદદ દે અથવા ન દે, તો પણ મુસલમાને ગોવધ બંધ કરવો ઘટે. (ક્રમશઃ)

'સત્યના પ્રયોગો'માંથી સાભાર

150 ગાંધીયાત્રા